# મતદારયાદીની સુધારણા-૨૦૨૨

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક**

શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ? શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ? શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છો તે જ વિસ્તારમાં આપનું નામ છે ?

**આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?**

## તા. ૦૧/૧૧/૨૦૨૧ થી તા.30/૧૧/૨૦૨૧ સુધી મતદારયાદીનો મુસદ્દો.

* કલેક્ટર કચેરી
* મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ કચેરી
* મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી
* મ્યુનિસિપાલિટીની કચેરી
* ગ્રામ પંચાયતની કચેરી
* પ્રાંત અધિકારી/મામલતદારની કચેરી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપના નામ, ફોટો સાથેની વિગતોની રૂબરૂ ચકાસણી કરી શકશો. આપ ચુંટણી પંચની વેબસાઇટ www.nvsp.in અને www.ceo.gujarat.gov.in પર પણ આપના નામની ચકાસણી કરી શકશો. આ ઉપરાંત ચુંટણી પંચની મોબાઈલ એપ્લિકેશન "Voter Helpline" ડાઉનલોડ કરી તેમાં આપની વિગતની ચકાસણી કરી શકશો.

**જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ, લોકશાહી તંત્રની પાયાની જરૂરિયાત**

### મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ્દ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

* તા. ૦૧/૦૧/૨૦૨૨ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરિકનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજી કરવી, જેમાં આપનો પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
* મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ્દ કરાવવા માટે નમૂના-૭ માં અરજી કરવી.
* મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધરવા નમૂના -૮માં અરજી કરવી.
* એકજ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક) માં અરજી કરવી.

તા.૧૪/૧૧/૨૦૨૧ (રવિવાર), તા. ૨૧-૧૧-૨૦૨૧ (રવિવાર), તા.૨૭-૧૧-૨૦૨૧ (શનિવાર) અને તા.૨૮/૧૧/૨૦૨૧ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથક ખાતે બૂથ લેવલ ઓફિસર મારફત આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ ઉપરોક્ત દિવસોએ પરત આપી શકાશે.

* ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી-મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત-મામલતદાર કચેરી તેમજ બુથ લેવલ ઓફિસર પાસેથી વિનામૂલ્યે
* મેળવી શકશો, તેમજ આ નમૂના ભરીને જરૂરી પુરાવા સાથે ત્યાં જ આપી શકશો
* ઉપરાંત ચુંટણી પંચની વેબસાઈટ www.nvsp.in ikÜkk www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.
* આ ઉપરાંત રાજ્યના CSC તથા eGVCS (e-Gram Vishwagram Society) સેન્ટરો ખાતે પણ ઓનલાઈન અરજી નિયત નજીવી ફી ભરીને કરી શકશો.

**હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે**

આપના મોબાઈલથી તથા ECI<SPACE> આપના મતદાર ઓળખપત્ર નંબર લખી ૧૯૫૦ નંબર પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંથી વિગતો જાણી શકાશે અને તે જ પ્રમાણે ECICONTACT<SPACE> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બૂથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.



**વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર (કામકાજના સમય દરમિયાન) સંપર્ક કરો**

એક જ મતદાર વિભાગમાં એક કરતા વધુ વખત અથવા એક કરતા વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારા ૧૯૫૦ની જોગવાઈ હેઠળ ગુનો બને છે

**અરજી કરવાની તારીખ :- ૦૧/૧૧/૨૦૨૧ થી તા.30/૧૧/૨૦૨૧ સુધી**

આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહીં, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ હોવાની ખાત્રી લો કે જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે

## જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, વડોદરા

# મતદારયાદી સુધારણા - ૨૦૨૨

મતદારયાદીમાં આપની વિગતોની ચકાસણી માટે

## ખાસ ઝુંબેશના દિવસો

| નવેમ્બર | નવેમ્બર | નવેમ્બર | નવેમ્બર |
|---|---|---|---|
| ૧૪ | ૨૧ | ૨૭ | ૨૮ |
| રવિવાર | રવિવાર | શનિવાર | રવિવાર |

**સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક** દરમિયાન આપના વિસ્તાર ના મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફિસનો સંપર્ક કરો.



ચૂંટણી પંચની વેબસાઈટ
WWW.VOTERPORTAL.ECI.GOV.IN
WWW.CEOGUJARAT.GOV.IN

મોબાઈલ એપ્લિકેશન
"VOTER HELPLINE"
ડાઉનલોડ કરી

૧૯૫૦

ECI<SPACE> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી ૧૯૫૦ પર SMS મોકલવાથી

આપના નામની ચકાસણી કરી શકશો

**જાગૃત નાગરિક તરીકે આપનો સહયોગ, લોકશાહી તંત્રની પાયાની જરૂરિયાત**

**મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત**

FOLLOW US ON : CEOGujarat CEOGujarat gujaratceo

**જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, વડોદરા**

ભારતનું ચૂંટણી પંચ
www.eci.gov.in

# મતદારયાદી સુધારણા કાર્યક્રમ ૨૦૨૨

## તા. ૦૧-૧૧-૨૦૨૧ થી ૩૦-૧૧-૨૦૨૧

# વ્હાલા મતદારો,

# બસ થોડી મિનિટ ફાળવો

**મોબાઈલ એપ અથવા ઓનલાઇન માધ્યમથી મતદાર સેવાઓ મેળવો**



### ☑ મતદારયાદીમાં નામ નોંધણી

તા. ૧ - ૧ - ૨૨ ના રોજ આપની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ થતી હોય તો મતદાર તરીકે ચોક્કસ નોંધણી કરાવો.

અથવા

### ☑ તમારા સરનામાં માં ફેરફાર કરાવવા

જો તમે તાજેતરમાં તમારું રહેઠાણ બદલ્યું હોય તો

અથવા

### ☑ મતદાર ઓળખ પત્ર માં સુધારો કરાવવા

જો મતદાર ઓળખ પત્ર માં તમારી વિગતમાં કોઈ ભૂલ હોય તો

## મતદાર સેવાઓ મેળવવાનું હવે છે બહુ આસાન

### ખાસ ઝુંબેશના દિવસો

| ૧૪-૧૧-૨૦૨૧ | ૨૧-૧૧-૨૦૨૧ | ૨૭-૧૧-૨૦૨૧ | ૨૮-૧૧-૨૦૨૧ |
|---|---|---|---|
| રવિવાર | રવિવાર | શનિવાર | રવિવાર |

સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા દરમિયાન
આપના વિસ્તારના મતદાન મથક ખાતે બી.એલ.ઓ. નો સંપર્ક કરો

વોટર હેલ્પલાઇન મોબાઈલ એપ ડાઉનલોડ કરીને અરજી કરો

વેબસાઈટની મુલાકાત લો
www.voterportal.eci.gov.in
or www.nvsp.in

મતદાર સુવિધા કેન્દ્ર અથવા આપના બી.એલ.ઓ.નો સંપર્ક કરો

**૧૯૫૦**
વોટર હેલ્પલાઇન

કોઈ પણ મતદાર રહી ન જાય

**મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત**
www.ceo.gujarat.gov.in